અપીલ અરજી નં.૧૩ તા.૧૨–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી, (મ્યુ.વર્કશોપ વિ.) તથા રીક્રુટમેન્ટ

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨–૩–૧૦ ની અરજીથી તા.૧૯–૩–૦૭ ની જાહેરાતના નં.પી.આર.ઓ.૫૯૭નાં ઉમેદવાર ડ્રાઈવરોનાં પ્રેકટીકલ અને પર્સનલ ઈન્ટરવ્યુ લેનાર અધિકારીઓની શૈક્ષણિક અને હેવી વ્હીકલ ડ્રાઈવિંગ અંગેની લાયકાતની માહિતી નકલો મેળવવા બાબત. મુદ્દા નં.૧. ઉપરોકત ખાલી જગ્યાના ૯૨૨ કુલ ડ્રાઈવરોમાંથી પ્રેકટીકલ ટેસ્ટમાંથી ૨૭૬ ડ્રાઈવર ઉમેદવારોને ઉતીર્ણ કરનાર અધિકારીના નામ, પોસ્ટ અને તેની શૈક્ષણિક લાયકાત તથા હેવી વ્હીકલ ડ્રાઈવિંગ લાયસન્સ અંગેની સર્ટીફીકેટો સાથેની માહિતી નકલો વિ.મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૨–૪–૧૦ ની **SMC/FAP/** નં.૧૩/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨–૩–૧૦ ની અરજીથી તા.૧૯–૩–૦૭ ની જાહેરાતના નં.પી.આર.ઓ.૫૯૭નાં ઉમેદવાર ડ્રાઈવરોનાં પ્રેકટીકલ અને પર્સનલ ઈન્ટરવ્યુ લેનાર અધિકારીઓની શૈક્ષણિક અને હેવી વ્હીકલ ડ્રાઈવિંગ અંગેની લાયકાતની માહિતી નકલો મેળવવા બાબત. મુદ્દા નં.૧. ઉપરોકત ખાલી જગ્યાના ૯૨૨ કુલ ડ્રાઈવરોમાંથી પ્રેકટીકલ ટેસ્ટમાંથી ૨૭૬ ડ્રાઈવર ઉમેદવારોને ઉતીર્ણ કરનાર અધિકારીના નામ, પોસ્ટ અને તેની શૈક્ષણિક લાયકાત તથા હેવી વ્હીકલ ડ્રાઈવિંગ લાયસન્સ અંગેની સ ર્ટીફીકેટો સાથેની માહિતી નકલો વિ.મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૦૫ તા.૮–૪–૧૦ થી તથા ડે.ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી મ્યુ.વર્કશોપના પત્ર નં.ઓટો વર્કશોપ/૧૧૩૯ તા.૧૮–૩–૧૦ થી તથા પર્સોનલ ઓફિસર મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૦૬ તા.૨૯–૩–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૦૩ તા.૨૦–૪–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી, (મ્યુ.વર્કશોપ વિ.) તથા રીક્રુટમેન્ટ ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ કક્ષાએથી જાવક નં.જીએડી/ઈએસટી/૪૭૨ તા.૫–૫–૧૦ થી નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર આરને તબદીલ થયેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૫૧ તા.૮–૩–૧૦ ના પત્રની નકલ, પર્સોનલ ઓફિસર આર તરફથી મુદ્દા નં.૧, અને ૩આંશિક તબદીલ થયેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭૬ તા.૧૧–૩–૧૦ ના પત્રની નકલ તથા મુદ્દા નં.આંશિક ૩ અંગે સેકશન ઓફિસર (ઓડીટ)તે તબદીલ કર્યાના પત્ર નં. નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭૬ તા.૧૧–૩–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, ઉદય નાયકના લાયકાત અંગેનું ગુજરાત ટેકનીકલ બોર્ડનું એપ્રિલ ૧૯૮૧ ડીપ્લોમાં મીકેનલ એન્જી. નું પ્રમાણપત્રની નકલ, વીડી પટેલનું બી.ઈ.સીવીલના પ્રમાણપત્રનોની નકલ, શ્રી એમ ડી. દારૂવાલાની ગુજરાત ટેકનીકલ બોર્ડ ૧૯૭૬ ડીપ્લોમાં સીવીલ ના પ્રમાણપત્રની નકલ, શ્રી સુનિલકુમાર પવારની લાયકાતને લગતા એનેક્ષર–૨ ની નકલ, અરજદારને માહિતી અને દસ્તાવેજો ભરપાઈ કરવા અંગે પાના નં.–૩ પ્રતિ પાના ૨ લેખે રૂા.૬ જમા કરાવ્યાથી નકલો આપવાની કાર્યવાહી હાથ ધરશે, તેવા પત્ર નં.જીએડી/ઈએસટી /૪૨૧૧ તા.૩૦–૩–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં. નં.જીએડી/ઈએસટી/આર/૧૦૫ તા.૮–૪–૧૦ અત્રેના વિભાગને મળેલ છે. જયારે ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ તરફથી નં.જીએડી/ઈએસટી/આર/૨૯૯ તા.૩૦–૪–૧૦ થી તા.૮–૩–૧૦ ના તબદીલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, પર્સોનલ ઓફિસર /આર તરફથી મુદ્દા નં.૩ આંશિક અંગે નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭૬ તા.૧૧–૩–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના તબદીલ કર્યાના પત્રની નકલ તથા ડે.ઈજનેર વર્કશોપને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તથા ઝોનલચીફ વેસ્ટઝોનને તબદીલ કર્યાની નકલ, તેમજ ડે.ઈજનેર સોલીડ વેસ્ટને તબદીલ કર્યાની નકલ, અને મુદ્દા નં.૧ અને ૩ આંશિક અંગે પર્સોનલ ઓફિસર મધ્યસ્થને તબદીલ કયા અંગેના પત્રની નકલ, ડે.ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી મ્યું વર્કશોપ તરફથી ઓટો વર્કશોપ/ આંન.૧૧૩૯ તા.૧૮–૩–૧૦ થી આપેલ માહિતી ના પત્રની નકલ ,પર્સોનલ ઓફિસર આર તરફથી પત્ર નં. નં.જીએડી/ઈએસટી/આર/૧૦૯૨ તા.૨૦–૩–૧૦ થી આપેલ માહિતી પત્રની નકલ, પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ તરફથી આપેલ માહિતી નં.જીએડી/ઈએસટી/આર/૧૧૦૬ તા.૨૯–૩–૧૦ ના પત્રની નકલ, વેસ્ટઝોન રાંદેર તરફથી આ.નં.૮૨૪ તા.૨૩–૩–૧૦ ના રોજ કાર્યપાલક ઈજનેર આરડીડી ને તબદીલ કર્યાના પત્રની નકલ, સીટી ઈજનેર તરફથી પત્ર નં.આરડીડી/આ.ન.૩૭ તા.૯–૪–૧૦ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨–૩–૧૦ ની અરજીથી તા.૧૯–૩–૦૭ ની જાહેરાતના નં.પી.આર.ઓ.૫૯૭નાં ઉમેદવાર ડ્રાઈવરોનાં પ્રેકટીકલ અને પર્સનલ ઈન્ટરવ્યુ લેનાર અધિકારીઓની શૈક્ષણિક અને હેવી વ્હીકલ ડ્રાઈવિંગ અંગેની લાયકાતની માહિતી નકલો મેળવવા બાબત. મુદ્દા નં.૧. ઉપરોકત ખાલી જગ્યાના ૯૨૨ કુલ ડ્રાઈવરોમાંથી પ્રેકટીકલ ટેસ્ટમાંથી ૨૭૬ ડ્રાઈવર ઉમેદવારોને ઉતીર્ણ કરનાર અધિકારીના નામ, પોસ્ટ અને તેની શૈક્ષણિક લાયકાત તથા હેવી વ્હીકલ ડ્રાઈવિંગ લાયસન્સ અંગેની સર્ટીફીકેટો સાથેની માહિતી નકલો તથા તેમના પ્રેકટીકલ ટેસ્ટમાં ડ્રાઈવીંગ અંગેના ગુણ કઈ ટેકનીકલ થીયરી અને ટેકનીકલ માપદંડને યોગ્ય ગણી હોય તે અંગેની ટેકનીકલ અને પ્રેકટીકલ માહિતીની નકલ તથા સદર બાબતે પર્સનલ ઈન્ટરવ્યુ લેનાર સ્ટાફ સીલેકશન સમિતિના ૧. શ્રી વી ડી. પટેલ ૨. શ્રી એસ બી. પવાર ૩. એમ ડી. દારૂવાલા ૪. શ્રી ઈ એચ. પઠાણ સર્વે અધિકારીઓના લાયકાત અને હેવી વ્હીકલ ડ્રાઈવીંગ લાયસન્સની માહિતીની શૈક્ષણિત સર્ટીફીકેટ સાથેની નકલોની વિગતો માંગતી અરજી પર્સોનલ ઓફિસર આર સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૭૬૧ તા.૮–૩–૧૦ પર્સોનલ ઓફિસર

આરને તબદીલ કરવામાં આવેલ. પર્સોનલ ઓફિસર આર તરફથી પત્ર જીએડી/ઈએસટી/૧૦૭૬ તા.૧૧–૩–૧૦ થી મુદ્દા નં.૧ અને ૩ આંશિક માહિતી માટે પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ તથા મુદ્દા નં.૩ આંશિક માટે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ડે.ઈજનેર વર્કશોપ, સેકશન ઓફિસર ઓડીટ, ચીફઝોનલ ઓફિસર વેસ્ટઝોન, ડે.ઈજનેર સોલીડ વેસ્ટ ને તબદીલ કરવામાં આવેલ. જેમાં ચીફ ઝોનલ ઓફિસર વેસ્ટઝોન રાંદેરઝોન તરફથી આરડીડીને તા.૨૩–૩–૧૦ થી તબદીલ કરેલ. જે તા.૯–૪–૧૦ થી સીટી ઈજનેર તરફથી રીક્રુટમેન્ટ વિભાગને પરત તબદીલ કરવામાં આવેલ છે. ડે.ઈજનેર અને વર્કશોપ તરફથી પત્ર નં.ઓટો વર્કશોપ/૧૧૩૯ તા.૧૮–૩–૧૦ થી મુદ્દા નં.૩ શ્રી એમ ડી. દારૂવાલા કાર્યપાલક ઈજનેર ડીપ્લોમાં સીવીલ એન્જી.છે ડ્રાઈવીંગના લાયસન્સ અંગેની માહિતી કચેરીએ ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. પર્સોનલ ઓફિસર આર તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૯૨ તા.૨૦–૩–૧૦ થી મુદ્દા નં.૨ બાબતે પ્રેકટીકલ ટેસ્ટમાં હેવી વ્હીકલ ડ્રાઈવીંગ અંગેના ગુણ અને પ્રેકટીકલ માપદંડ બાબતેની નકકી કરવામાં આવેલ નીતિ અંગેની નકલની માહિતીના પાના નંગ–૨ થાય છે જે પાના દીઠ રૂા. ૨ લેખે કુલ રૂા.૪ જમા કરાવ્યેથી માંગવામાં આવેલી માહિતી નકલ આપવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. જે બાબતે અરજદારે રસીદ નં.૩૩૧૭૨૦ તા.૨૩–૩–૧૦ થી રૂા.૪/– ભરપાઈ કરેલ છે. જે અંગે પત્ર નં.જીએડી/એસ ટી/આર/૧૧૦૬ તા.૨૯–૩–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ કક્ષાએથી પત્ર નં.જીએડી/એસટી/ આર/૪૨૧૧ તા.૩૦–૩–૧૦ થી માંગેલી માહિતીના દસ્તાવેજો માટે પાના નંગ–૩ પાના દીઠ રૂા. ૨ લેખે કુલ રૂા.૬ જમા કરાવ્યેથી માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ છે. જેના અનુસંધાને અરજદાર તરફથી રસીદ નં.૩૬૯૯૧૯ તા.૬–૪–૧૦ થી રૂા. ૬ ભરપાઈ કરવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/એસટી/આર/૧૦૫ તા.૮–૪–૧૦ થી શ્રી વી ડી. પટેલ ૨. શ્રી એસ બી. પવાર ૩. શ્રી એમ ડી. દારૂવાલા ૪. ઈ. એચ. પઠાણ ના પ્રમાણપત્રો/માર્કશીટની નકલ આપવામાં આવેલ છે. આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૩ અંગે પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૧૧૩ તા.૧૩–૪–૧૦ થી શ્રી ઈ. એચ. પઠાણ ડે.ઈજનેરના હોદ્દાની શૈક્ષણિક લાયકાત બી.ઈ. સીવીલ હેવી લાયસન્સ સુરત મહાનગરપાલિકાએ અત્યાર સુધી તેમની પાસેથી લાયસન્સની નકલ મેળવેલ ન હોય કચેરીએ ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. અરજદારે તા.૧૨–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં પત્ર નં.૧૧૩૯ તા.૧૮–૩–૧૦ શ્રી એમ ડી. દારૂવાલાની ડ્રાઈવીંગ લાયસન્સ અંગેની માહિતી ઉપલબ્ધ નથી તે અંગે નારાજગી જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડેલ છે. અરજદારે અપીલ તબકકે તા.૧–૪–૦૯ સુધી હેવી વ્હીકલ લાયસન્સના ગુણની અને ત્યાર પછીના લાયસન્સના ગુણની માહિતી તથા જનરલ કેટેગરીની ઉમર મર્યાદા ૩૫ વર્ષ અને અનામત જાતિના ઉમેદવારની ઉમર મર્યાદા ૪૦ વર્ષ નિયત તા.૧૯–૩–૦૭ ના રોજના આધારે ગણવાનું જણાવેલ છે. પરંતુ ફોર્મેટની માહિતી અનુસાર પ્રતિક્ષાયાદી તૈયાર કરેલી જણાતી નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે ધારણા કરી કોઈ આધાર રજૂ કરેલ નથી. વધુમાં આ બાબત અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે તકરાર નિવારણ અંગેનો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જયારે મુદ્દા નં.૧ માં ડે.કમિશ્નર(પઅનેઈ) તરફથી શ્રી એસ બી. પવારનું સીએનું તથા ઈ. એસ. પઠાણનું બી.ઈ. સીવીલનું પ્રમાણપત્ર કે માર્કશીટ પત્ર નં.જીએડી/એસટી/આર/૧૦૫ તા.૮–૪–૧૦ થી મોકલેલ જણાવેલ છે પરંતુ અપીલ તબકકે અરજદારે તે માહિતી નહીં મળ્યાનું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું જ હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ),ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી, (મ્યુ.વર્કશોપ વિ.) તથા રીક્રુટમેન્ટ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,